કોવિડ- ૧૯ મહામારીના કારણે ઘરે પરત ગયેલ દિવ્યાંગ સંસ્થાઓના બાળકો / અંતેવાસીઓને રૂ.૨૦૦૦/- ચુકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૨૧/૨૭૦૯૫૯/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૦૬/૨૦૨૧.

પ્રસ્તાવનાઃ-

કોવિડ- ૧૯ મહામારીના કારણે સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ સંસ્થાઓના બાળકો/અંતેવાસીઓને ઘરે મોકલી દેવામાં આવેલ હોઈ, આ બાળકો/અંતેવાસીઓ માટે માર્ચ ૨૦૨૧ થી ઓક્ટોબર-૨૦૨૧ સુધી બાળક/અંતેવાસી દીઠ રૂ.૨૦૦૦/- ચુકવવા બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સિંગલ ફાઈલથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાના અંતે કોવિડ- ૧૯ મહામારીના કારણે સમાજ સુરક્ષા કચેરી હસ્તકની દિવ્યાંગ સંસ્થાઓના કુલ ૮,૪૦૧ દિવ્યાંગ બાળકો/અંતેવાસીઓ માટે બાળક/અંતેવાસી દીઠ રૂ.૨૦૦૦ (અંકે રૂપિયા બે હજાર) માર્ચ-૨૦૨૧ થી ઓક્ટોબર-૨૦૨૧ અથવા પુનઃ સંસ્થા શરૂ થાયે તે તારીખ એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીના સમયગાળા માટે ચુકવવા માટે આથી નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

આ રકમ જિલ્લા કક્ષાએથી બાળ સુરક્ષા એકમ મારફતે જે તે બાળકના ડીબીટી એકાઉન્ટમાં ચુકવવાની રહેશે.

આ રકમ બાળકો/વાલીઓને ડીબીટી દ્વારા ફાળવવાની હોવાથી નિભાવ ખર્ચની રકમ અલગથી સંબંધિત સંસ્થાઓને ફાળવવાની રહેશે નહિ.

[પાછળ]

આ ખર્ચ ચાલુ વર્ષના મંજૂર થયેલ બજેટમાંથી માંગણી ક્રમાંક ૯૨:૨૨૩૫:૦૨:૧૦૧-૦૧-SSW-૦૫ બજેટ હેડમાંથી કરવાનો રહેશે.

આ મંજૂરી સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૫/૨૦૨૧ ની નોંધ તથા સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ. ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ..
- શાખા સિલેક્ટ ફાઇલ.